GJBK020066982022

રજુ તારીખ– ૧૬–૧૨–૨૦૨૨
દાખલ તારીખ– ૧૬–૧૨–૨૦૨૨
ફેંસલ તારીખ– ૧૮–૯–૨૦૨૩
સમયગાળો– વર્ષ , માસ , દિવસ

**બનાસકાંઠાના મે.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર.**

**ક્રિમી.કેસ નં.૫૭૦૮/૨૦૨૨**

આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપીઃ–** સુરેશભાઈ ઉર્ફે સુલતાન મુકેશભાઈ ચૌહાણ(સરણીયા)
ઉ.વ.આ.૩૪, ધંધો–મજુરી
રહે.પાલનપુર તિરૂપતી ટાઉનશીપ સોસાયટી પાછળ
છાપરામાં,તા.પાલનપુર,જી.બનાસકાંઠા

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી – ટી.એસ.ડામોર
આરોપી તરફે વિ.વકીલશ્રી – કે.એ.સાંચોરા

---

**ગુનોઃ– ધી પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ**

**–:: ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૯–૭–૨૦૨૨ નારોજ કલાક ૧૬.૪૫ વાગે મોજે પાલનપુર ડીસા હાઈવે શકિત ટ્રેડીંગની પાછળ આવેલ ઝુંપડપટ્ટીમાં આરોપીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક છાપરામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૩૦ કિંમત રૂ.૬૦૦/– નો રાખી ગુનો કરેલ. ફરીયાદીની ફરીયાદ આધારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૫૦ ૧૦૨૨૦૪૭૭/૨૦૨૨ થી ગુનો દાખલ કરેલ અને તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ.

**(૨)** આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડેલી. આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી નિવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવતા, ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવેલ.

**(૩)** આ કામે આરોપી સામે તહોમત સાબીત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા**

આંક–૦૮ થી ત.ક.અ.ભરતપુરી શંભુપુરી

આંક–૧૨ થી પંચ પ્રવિણભાઈ બાબુભાઈ ઠાકોર

આંક–૧૫ થી પંચ મહેન્દ્રકુમાર પ્રતાપભાઈ પટણી

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

આંક–૦૯ થી ફરીયાદ

આંક–૧૩ થી પંચનામુ

ફરીયાદ પક્ષે બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ફરીયાદ પક્ષે પુરાવો પુર્ણ થયા બાદ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોઈ આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવ્યા નથી. આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે અને આ કામ કેસના નિર્ણય ઉપર રાખવામાં આવેલ.

**(૫)** સદર કામે બંન્ને પક્ષની દલીલો, રજુ થયેલ પુરાવા ધ્યાને લીધા બાદ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**::– <u>મુદ્દાઓ</u> –::**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, તા.૨૯–૭–૨૦૨૨ નારોજ કલાક ૧૬.૪૫ વાગે મોજે પાલનપુર ડીસા હાઈવે શકિત ટ્રેડીંગની પાછળ આવેલ ઝુંપડપટ્ટીમાં આરોપીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક છાપરામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટ દેશી દારૂ લીટર–૩૦ કિંમત રૂ.૬૦૦/– નો રાખી, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: <u>નિર્ણયો</u> ::–**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગે નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>કારણો</u> ::–**

ફરીયાદ પક્ષે કેસ પુરવાર કરવા માટે આંક–૦૮ થી ત.ક.અમલદાર ભરતપુરી શંભુપુરીને સોગંદ ઉપર તપાસેલ છે અને ત.ક.અમલદારની જુબાની જોતાં પી.એસ.ઓ.એ સદર ગુનાની આગળની તપાસ તેઓને સોંપતાં તેઓએ તપાસ કરી તપાસના અંતે આરોપી રામે પુરાવો આવતાં ચાર્જશીટ કરેલ તેવું ત.ક.અમલદારનાઓ સોગંદ ઉપર જણાવે છે. જયારે આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં ત.ક.અમલદાર એવુ સ્વીકારે છે કે, બનાવવાળી સ્થળ જાહેર રોડ ઉપર આવેલ છે તથા ત્યાં ઘણી બધી દુકાન આવેલ છે. તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. આમ, ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં પંચોની જુબાનીથી ત.ક.અમલદારની

જુબાનીને સમર્થન આવેલ ન હોઈ, આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવુ ત.ક.અમલદારની જુબાનીથી માની શકાય નહી.

(૮) ફરીયાદ પક્ષે આંક–૧૨ થી પંચ પ્રવિણભાઈ બાબુભાઈ ઠાકોરને તથા આંક–૧૫ થી પંચ મહેન્દ્રકુમાર પ્રતાપભાઈ પટણીને સોગંદ ઉપર તપાસેલ છે. પંચોની જુબાની જોતાં પોલીસે તેઓની તૈયાર કાગળમાં સહી કરવાને કહેતાં તેઓએ સહી કરેલી. તેઓને પંચનામુ બતાવતાં જેમાં પંચ તરીકે સહી ઓળખી બતાવી પંચનામુ આંક–૧૩ થી રજુ કરેલ તેવું પંચો જણાવે છે. આ પંચો તેમની જુબાનીથી પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ પંચોને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ પંચોની ઉલટતપાસ કરેલ જેમાં પણ પંચનામાથી નકારાત્મક પુરાવો આપેલ છે. આમ, પંચોની જુબાની ધ્યાને લેતાં આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલાને પંચો સમર્થન આપતા ન હોઈ આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો પંચોની જુબાનીથી પુરાવો આવતો નથી.

(૯) ફરિયાદ પક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે તમામ પુરાવાનું વિશ્લેષણ કરી મુલ્યાંકન કરવામાં આવે તો, તા.૨૯–૭–૨૦૨૨ નારોજ મોજે પાલનપુર ડીસા હાઈવે શકિત ટ્રેડીંગની પાછળ ઝુપડપટ્ટીમાં આરોપીએ પોતાના કબજા ભોગવટાના છાપરામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૩૦ કિંમત રૂ.૬૦૦/– નો રાખી મળી આવતાં સદરે મુદ્દામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલાને અને તે અંગેની ફરીયાદીએ ફરીયાદ આપેલાને અને પી.એસ.ઓ.એ. ગુનો દાખલ કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપતાં ત.ક.અમલદારે તપાસ કરી તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો આવતાં ચાર્જશીટ કરેલાને ત.ક.અમલદાર પુરાવો આપે છે. પરંતુ, પંચોની સોગંદ ઉપર જુબાનીથી પંચો બનાવવાળી જગ્યાએ ગયેલાને કે પંચોની હાજરીમાં આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલાને પંચ લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ પંચોને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર થયેલા છે. જેથી પંચોની સોગંદ ઉપર જુબાનીથી ફરીયાદની હકીકતને કે પંચનામાની હકીકત લેશમાત્ર પુરવાર થતી નથી. ત.ક.અમલદાર એ પોલીસ સાહેદ છે અને ત.ક.અમલદારની સોગંદ ઉપર જુબાનીને પંચોથી સમર્થન આવેલ નથી કે બીજા કોઈ સ્વતંત્ર સાહેદની જુબાની રજુ થઈ ત.ક.અમલદારની જુબાનીને સમર્થન આવેલ નથી. જેથી ત.ક.અમલદારની જુબાની પંચોથી સમર્થન વિનાની જણાય છે.

(૧૦) ઉપરાંત, બનાવવાળી જગ્યા જાહેર રોડ ઉપર આવેલ હોય, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને બનાવવાળી જગ્યાએ ઘણી બધી દુકાનો આવેલ છે. આમ, બનાવવાળી જગ્યાએ ત્રાહિત માણસ સરળતાથી મળી આવવા છતાં તપાસ કરનાર અમલદારે તપાસના કામે સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી કે સ્વતંત્ર સાહેદનો સોગંદ ઉપર પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી. આ કામે ત.ક.અમલદાર એ પોલીસ માણસ છે અને ત.ક.અમલદાર ફરીયાદ પક્ષે હિત ધરાવનાર સાહેદ છે. આ સંજોગોમાં પોલીસ સાહેદના સોગંદ ઉપર પુરાવાને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપરના પુરાવા રજુ થઈ સમર્થન મળવું જરૂરી બને છે. જયારે આ કામે સ્વતંત્ર સાહેદનો સોગંદ ઉપર પુરાવાથી સમર્થન મળેલ નથી. જે રીતે ફરીયાદ પક્ષના કેસ છે તે પ્રમાણે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો મુદ્દામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું ફરીયાદ પક્ષે સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૧૦૩

પ્રમાણે સાબીતીનો બોજો આરોપી ઉપર જાય છે. પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ મુદ્દામાલ રીકવરી પંચનામું સાબિત થયેલ માની લેવામાં આવે તો, આરોપીના કબજામાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટ મુદ્દામાલ મળી આવેલાને કોઈ ઠોસ આધાર પુરાવો ફરીયાદ પક્ષે પુરાવામાં આવેલ નથી. જેથી બનાવવાળી જગ્યામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ મુદ્દામાલ મળી આવેલાને પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. પંચનામુ પ્રથમ થયેલ છે અને ત્યારબાદ ફરીયાદ આપેલ છે તેમ છતાં પંચોના નામ સરનામા ફરીયાદમાં જણાવેલ નથી. મુદ્દામાલ ગેરકાયદેસર પાસ પરમીટ મળી આવેલ તે હકીકતના સમર્થનમાં એફ.એસ.એલ. સર્ટી. અધિકૃત અધિકારી ના સોગંદ ઉપર પુરાવામાં રજુ થઈ પુરવાર થયેલ નથી. જેથી મુદ્દામાલ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ મળી આવેલ હોવાને ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી. બનાવવાળી જગ્યાથી મુદ્દામાલ મળી આવેલાને ફરીયાદ પક્ષે કેસ છે, પરંતુ બનાવવાળી જગ્યા આરોપીના માલિકી કબજામાં આવેલા અંગે કોઈ આધાર પુરાવો ફરીયાદ પક્ષે મેળવેલ નથી કે આધાર પુરાવો સોગંદ ઉપર પુરાવામાં રજુ થઈ ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી. જેથી બનાવવાળી જગ્યા આરોપીના માલિકી કબજામાં આવેલાને ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી.

**(૧૧)** ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પંચોના સોગંદ ઉપર પુરાવાથી પોલીસ સાહેદની જુબાનીને લેશમાત્ર સમર્થન મળતું નથી. પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા રજુ થઈ સમર્થન આવેલ નથી. મુદ્દામાલ આરોપીના માલિકી કબજામાં મળી આવેલાને ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી. તેથી આરોપી સામે ફરીયાદ પક્ષે ખોટો કેસ કરેલો હોવાનું આરોપી તરફેના વિ.વકીલશ્રીની દલીલોમાં તથ્ય જણાય છે. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીના કબજામાંથી ફરીયાદમાં જણાવેલ આક્ષેપિત મુદ્દામાલ ગેરકાયદેસર વગર પાસ પરમીટ મળી આવેલાને ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર થતું નથી.

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-// <u>હુકમ</u> //-**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીને ધી પ્રોહીબીશન એકટ,૧૯૪૯ની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ નો નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમ્યાન બાંહેધરીના આરોપીએ રૂ.૫૦૦૦/- ના જામીન તથા તેટલીજ રકમના જાત-મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર
તા.૧૮-૯-૨૦૨૩

**(આત્મદીપ શર્મા)**
એડી.જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
પાલનપુર
કોડ નં.જીજે.૦૧૩૫૫